
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ



અંક : ૧૦ વર્ષ : ૫૦ ઓક્ટોબર : ૨૦૧૧ સળંગ અંક : ૩૭૯

તંત્રી : દિનેશભાઈ મોહનલાલ મિસ્ત્રી

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

સપ્ટેમ્બર - ૨૦૧૧

# પંચોલી નવયુગ

રજી. નં.: A/1822 ભરૂચ

**પ્રકાશનનું સ્થળ**

૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે,
રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......
દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

| | |
|---|---|
| નવયુગ શુભેચ્છક | ` ૧૫,૫૫૫/- |

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

| | |
|---|---|
| નવયુગ શુભચિંતક | ` ૨,૫૨૫/- |

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક કિંમત | ` ૫/- |
| વાર્ષિક લવાજમ | ` ૫૦/- |
| નવયુગ શુભેચ્છક | ` ૧૫,૫૫૫/- |
| નવયુગ શુભચિંતક | ` ૨,૫૨૫/- |

# તંત્રી નોંધ

સુજ્ઞ જ્ઞાતિજનો.....

કેમ છો ? મઝામાં છો ને ?

નવરાત્રીની રઢીયાળી નવલી નવ રાત્રીની શુભ શરૂઆત થઇ ગઇ. મા શકિતની આરાધનામાં સૌ કોઇ મશગુલ થઇ ગયા હશે... ઢોલીડાના ઢોલે અને ઝાંઝરને ઝમકારે અને ગીત સંગીતના સથવારે સર્વે જ્ઞાતિજનો ઝૂમી રહ્યા હશે...આ દિવસો શકિતની ઉપાસનાનો સમય છે.. ભકિત કરીશુ તો શકિત આવશે. અને શકિત હશે તો જ અસુરોનો નાશ કરી શકીશું... નવરાત્રી બાદ દશેરા આવશે... દશેરા પર્વ એટલે આસુરી શકિત પર દૈવી શકિતનો વિજય.. આપણે પણ દશેરા નિમિત્તે આપણામાં રહેલ કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, અભિમાન જેવા અનેક આસુરી તત્વો નો નાશ કરી વિજય મેળવીએ...

દિપોત્સવી અંકની તૈયારીઓ શરૂ થઇ ગઇ છે... પંચોલી નવયુગનું આ વર્ષ ૫૦મુ વર્ષ ચાલી રહ્યુ છે... આપણા સમાજનું મુખપત્ર ૫૦ વર્ષ સુધી અણનમ પ્રકાશિત થતુ રહ્યુ છે, તે માટે આપણે ગૌરવ લેવા જેવી વાત છે... ૫૦મું વર્ષ ઉજવવા માટે ઉત્સાહ હોવો જોઇએ. આપણે તો ગર્વ લઇ ૫૦માં વર્ષનો ૫૦મો દિપોત્સવી અંક પણ વિશિષ્ટ રીતે પ્રકાશિત કરવાનો હોય પરંતુ ઓકટોબર માસની શરૂઆત થઇ છતાં નવયુગની જાહેરાત ૫૦ હજાર જેમ તેમ પાર કરી શકી છે... જ્ઞાતિજનો આમ કેમ ? આટલી વિનંતીઓ... પોષ્ટકાર્ડ દ્વારા સંપર્ક... નવયુગ દ્વારા પણ જાણ કરવામાં આવી દરેક એકમને લેટર-પોષ્ટકાર્ડ દ્વારા સંપર્ક છતાં પણ પરિણામ ખૂબ જ નબળુ..

તો જ્ઞાતિજનો પંચોલી નવયુગ એટલે પંચોલી સમાજને જોડતી સાંકળ, પંચોલી સમાજનો દર્પણ, નાવિન્ય સાથે દર માસે મળતુ નવયુગને ૫૦...૫૦ વર્ષની મંઝીલ સુધી પહોચાડનાર પણ સુજ્ઞ જ્ઞાતિજનો જ છે... નવયુગને કયાં સુધી કેવા સ્વરૂપમાં પહોચાડવું એ તમારા હાથમાં છે... તો ચાલો આપણે સૌ ભેગા મળી ઉજવીએ પંચોલી નવયુગનો ૫૦મો દિપોત્સવી અંક દર વર્ષ કરતા પણ દળદાર અંક પ્રગટ કરીને... મને આશા હતી કે પંચોલી નવયુગનું

૫૦મું વર્ષ હોય ચિત્રલેખા કે બીજા સામાયિકની જેમ દિપોત્સવીઅંકો પણ બે ભાગમાં વહેંચીને બે અંકો બનાવવા પડશે....કે શું ? ? ?

મહામંડળના હોદ્દેદારો, દરેક એકમના હોદ્દેદારો, પ્રકાશન સમિતિના સભ્યો તથા જ્ઞાતિજનોએ જાહેરાતો ન મોકલાવી હોય તો આંગડીયા, કુરીયર દ્વારા આપની જાહેરાતો તુરત રવાના કરો જેથી આપણે કંઇક કર્યાનો સંતોષ લઇ શકીએ...

અગાઉના અંકોમાં જણાવ્યા મુજબ મારી પાસે મર્યાદિત સમય હોવાથી આપની જાહેરાત મોડામાં મોડી ૧૧.૧૦.૨૦૧૧ સુધીમાં મોકલી આપવા કૃપા કરશો... હજી જોઇએ એવો જ્ઞાતિજનોનો સહકાર ન મળતા આ તારીખ પરાણે વધારવી પડે છે... મારી લાગણી અને માંગણીને ધ્યાનમાં લઇ નવયુગ માટે તુરત જાહેરાત મોકલવા કૃપા કરશોજી... ઉપરોક્ત તારીખ પછી આવેલ જાહેરાત દીવાળી પછીના અંકમાં છાપવામાં આવશે.. જેની નોંધ લેશો..

ગુજરાત રાજ્ય સંગીત નાટય અકાદમી ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજાતી 'પંડિત ઓમકારનાથ ઠાકુર સ્પર્ધા'ના 'અ' વિભાગમાં તાલવાદ્ય સ્પર્ધામાં બીલીમોરાના ધૈવતકુમાર દિવ્યેશકુમાર મહેતાએ ભાગ લઇ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ વિજેતા(સંયુકત) બની પરિવાર, ગામ અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.... સંગીત ક્ષેત્રે ઝળહળી પંચોલી જ્ઞાતિ સમાજનું પણ ગૌરવ વધાર્યુ છે.... એમની પ્રગતિને આકાશ પણ નાનુ પડે... એવી શુભેચ્છા......

અંતમાં નવયુગ પ્રત્યેના પ્રેમની અનુભૂતિ જ્ઞાતિજનો તરફથી થવા માંડી છે... જ્ઞાતિજનો નવયુગ પોષ્ટીંગ માટે પણ દાન આપી રહ્યાં છે... નવયુગ પોસ્ટીંગ ખર્ચ માટે દાન આપનાર દાતાનો આભારી છું. આવી જ રીતે આપના પ્રેમની ગંગા નવયુગ માટે અવિરત વહાવતા રહેશો....અસ્તુ.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી : પંચોલી નવયુગ

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટી કલર પેજ | ₹ ૬,૦૦૦/- |
| દિપોત્સવી અંક અર્પણ | ₹ ૨,૫૦૦/- |
| રેગ્યલર અંક અર્પણ | ₹ ૨,૦૦૦/- |
| કલર પેજ | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ | ₹ ૧,૨૦૦/- |
| (એક ફોટા સાથે) | |
| ૧/૨ પાનુ | ₹ ૬૦૦/- |
| ૧/૨ પાનુ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| (એકથી વધુ ફોટા માટે દરેક ફોટા દીઠ | ₹ ૫૦/-એક્સ્ટ્રા) |
| ૧/૪ પાનુ | ₹ ૩૦૦/- |
| ૧/૪ પાનુ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |
| (એકથી વધુ ફોટા માટે દરેક ફોટા દીઠ | ₹ ૫૦/-એક્સ્ટ્રા) |

## ગોલ્ડન જયુબીલી અધિવેશન

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું આગામી અધિવેશન ગોલ્ડન જયુબીલી અધિવેશન તરીકે મળનાર હોય તેમાં કયા પ્રકારના કાર્યક્રમો હોવા જોઇએ, કઇ રીતે ઉજવણી કરવી જોઇએ તે માટે સમાજના દરેક જ્ઞાતિજનો પાસેથી ઉપયોગી થાય તેવા અને રચનાત્મક અભિગમવાળા સુચનો તેમજ માર્ગદર્શન માટે આપ સૌને આમંત્રણ છે. આપના વિચારો, પ્રયોગો, અભિગમો અને મંતવ્યો મોકલવા આપ સૌને વિનંતી છે.

**શ્રી ગિરીશચંદ્ર ઇશ્વરલાલ પંચોલી**
પ્રમુખ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
શ્રી પંચોલી સેવા સમાજ, સુરત
એ-૩૦૩, શ્રીનાથ કોમ્પલેક્ષ,
સ્વસ્તિકપાર્ક સોસાયટી, શ્રી રામ માર્બલ પાસે,
અલથાણ રોડ, સુરત
ફોન : ૦૨૬૧ - ૨૨૬૭૮૧૧
મો. : ૦૯૪૨૭૧ ૨૩૭૪૧/૦૯૮૨૫૧ ૦૮૬૯૬

# પ્રમુખ નોંધ

પ્રિય જ્ઞાતિજનો

કેમ છો ? મઝામાં ? હું આશા રાખું છું કે આપ સૌ કુશળ હશો. કારણ કે શ્રાવણ માસ આવતાં જ આપણાં જીવનમાં ખુશી અને તહેવારોનો અનેરો આનંદ માણવાનો સમય આવતો હોય છે, અને આપણે આતુર રહીએ છીએ. રક્ષાબંધન, સ્વાતંત્ર્ય દિન, પવિત્ર શ્રાવણમાસ, ગણેશોત્સવ, શ્રાદ્ધપક્ષ, નવરાત્રી, ચંદીપડવો, દિવાળી અને નવુ વર્ષ. વાહ ખુશ રહેવાની અને બીજાને ખુશી અપાવવાની સીઝન એટલે શ્રાવણથી આસો માસ. નવયુગનો અંક આપની પાસે આવશે ત્યારે નવરાત્રિ ઉજવણી પુરી થઇ ગઇ હશે. અને દશેરા દિવસે રાવણનો વધ કરી આપણે સુખમય, શાંતિમય-પ્રકાશમય તહેવાર દિપાવલીના સ્વાગતની તૈયારી કરવામાં મંડી પડયા હોઇશું. બરાબર ને ? આવો આપણે સૌ સાથે મળી જીવનની ખુશીના દિવસોને વધાવીએ..

મારા વ્હાલા બંધુઓ આપણે દીવાળીના નવયુગ માટે શુભેચ્છા જાહેરાત આપવા માટે અને એ રીતે સમાજને ફુલ નહીં તો ફૂલની પાંદડી આપી નવયુગને સધ્ધર બનાવીએ અને આ માધ્યમથી દરેક જ્ઞાતિજનોને દિપાવલીની શુભેચ્છાઓ અને નૂતન વર્ષાભિનંદન પાઠવીએ અને ખુશીમાં સહભાગી થઇએ.

આપણી જ્ઞાતિ ખરેખર પ્રગતિ કરી રહી છે અને આપણી પાસે બુધ્ધિજીવી વર્ગની સંપત્તિ તથા ધનપતિઓની સંપત્તિ સારા એવા પ્રમાણમાં છે જ સાથે સમાજના યુવાન ભાઇ-બહેનો સક્ષમતા કેળવીને સમાજને ગૌરવ અપાવી રહ્યો છે. ખરેખર આનંદની લાગણી અનુભવું છું.

બીજી એક ખાશ વાત કરવાની છે કે એ કે આપણી પાસે સક્ષમતા હોય તો આપણે સમાજને સહાયરૂપ થઇએ એવી ભાવના કેળવીએ. આપણે આપણાં જીવનમાં આકસ્મિક ખર્ચ ઉઠાવતા હોય અચાનક જયારે હોસ્પિટલ ખર્ચ - પ્રાસંગિક ખર્ચ - યાત્રા પ્રવાસ ખર્ચ કે અન્ય ખર્ચ કરવા સક્ષમ હોઇએ ત્યારે સાથે એ વિચારો કે આપણો સમાજ જરૂરીયાતમંદ આવા ખર્ચને કેવી રીતે પહોંચી શકે ? આપણે એમના માટે શું કરી શકીએ ? શું આપણે આપણી કુલ આવકનો ૧ % રકમ આવી જરૂરીઆતમંદ જ્ઞાતિજનો માટે અથવા વિધવા સહાય માટે અથવા તબીબી સહાય માટે કે શૈક્ષણિક સહાય માટેના ફંડમાં આપીને ધન્યતા અનુભવીએ.. કુદરતનો નિયમ ગીવ એન્ડ ટેઇકનો છે. આપણે એક દાણો જમીનમાં વાવીએ છીએ અને કુદરત આપણને અનેક ઘણાં દાણાં આપે છે. તેવી જ રીતે આ પ્રકારનું દાન આપણે સદ્‌કર્મમાં વાપર્યુ હોય તો તેનું ફળ કુદરત અવશ્ય આપે જ છે.

હું, મારા જ્ઞાતિજનો હંમેશના માટે ખુશ રહે, આગળ વધે અને સમૃદ્ધ બને એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના....

વારંવાર વેબસાઇટ માટેની માહિતી દરેક એકમના પ્રમુખ/મંત્રી પાસેથી મંગાવી છે પરંતુ વાતો જ કરવી છે, કામ કયારે કરીશું ? જેમ બને તેમ જલ્દી માહિતી આપો અને વેબ સાઇટને સહકાર આપો. હવે તો આપણું પંચોલી નવયુગ પણ તમને વેબસાઇટ પર વાંચવા મળતું થયું છે. આશા રાખું છું સમય મુજબ પરિવર્તનના પ્રવાહમાં આપનો હંમેશા સહકાર મળશે એવી આશા રાખું છું.

અસ્તુ

શ્રી ગિરિશચંદ્ર આઇ. ગજજરના જય પંચોલી સમાજ
હમ સબ પંચોલી એક હો....

# સસ્તી કેન્સર મેડિકલેમ પોલીસી

આ એક મેડીકલેમ પોલીસી એવી છે જેના વિશે બહુ ઓછી વ્યકિતઓ માહિતી ધરાવે છે. કેન્સર લાગુ પડે ત્યારે આ પોલીસી નહી લીધી હોવાનો અફસોસ કરી હાથ જોડી બેસી રહે છે. ગરીબ કેન્સર પેશન્ટ અને તેનાં કુટુંબની દારુણ અને દયનીય હાલતને લક્ષમાં રાખી રાજીવ ગાંધીએ સમાજના તમામ વર્ગ માટે સાવ નજીવા પ્રિમીયમથી કેન્સર મેડિકલેમ પોલીસી ૧૧ જુલાઈ, ૧૯૮૫માં બજારમાં મુકી હતી. પરંતુ આ પોલીસી સંદર્ભે ખાસ કોઇ પ્રચાર પ્રસાર થયો નહીં હોવાથી મર્યાદિત લોકો જ તે પોલીસી કરાવે છે.

કેન્સર મેડિકલેમ પોલીસીનું પ્રીમીયમ સમાજના તમામ તબકકાને પરવડી શકે તેવું સાવ મામૂલી છે. પતિ-પત્ની બન્નેને કવર કરતી ₹ ૫૦,૦૦૦ની વાર્ષિક પોલીસીનું માત્ર ₹ ૨૦૦/- અને ₹ ૨ લાખની પોલીસી માટે ₹ ૮૦૦/-નું પ્રીમીયમ ભરવાનું હોય છે. એકમાત્ર ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની દ્વારા લઇ શકાતી આ પોલીસી માટે ઈન્ડિયન કેન્સર સોસાયટીની ₹ ૨૦૦/-ની ફી ભરીને સભ્ય બનવું ફરજીયાત છે. આ ₹ ૨૦૦/-ની ફી વડે સોસાયટી કેન્સર પેશન્ટના ફોર્મ ભરવાથી લઈને મેડિકલ ટેસ્ટ, પોલીસીની શરત પ્રમાણે પોલિસી લેતી વખતે પેશન્ટને કેન્સર નથી થયું તેનું મેડિકલ સર્ટીફિકેટ આપવું તેમજ પોલીસીને લગતી તમામ સંચાલકીય વ્યવસ્થા પ્રીમીયમ ચૂકવણીથી લઇ જો કલેમ સેટલમેન્ટ કરવાનો આવે તો તેની તમામ જવાબદારી કોઇ પણ ફી લીધા વગર અને તકલીફ વગર કરાવવાની કેન્સર સોસાયટી જવાબદારી લે છે.

કેન્સર પેશન્ટ અને એઇડ એશોસીએશન અને અમારી એમ બે જ સંસ્થા દેશભરના કેન્સર પેશન્ટની પોલીસી એક માત્ર ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની મારફત ઉતારે છે. એક જ પ્રીમીયમમાં પતિ-પત્ની બન્નેને કવર મળે છે. પરંતુ જો કોઇ એક વર્ષમાં બે માથી કોઇ એકનો કલેમ કરવાનો આવે તો બીજી વ્યકિતને તે વર્ષમાં તેનો લાભ નથી મળતો. કલેમલેસ વર્ષના પછીના વર્ષમાં ₹ ૫૦,૦૦૦ હજારની અને ૨ લાખની પોલીસી પર ૫ % વધારાનું પ્રમીયમ ભરો તો તમારી પોલીસી અનુક્રમે વધીને ₹ ૭૫,૦૦૦ અને ૩ લાખની થઇ જાય છે. વ્યકિત જયારે સાજી સારી હોય ત્યારે જ જો આ પોલીસી લે તો તે ઉપયોગી ઠરે છે. કેન્સર થયાનું પુરવાર થયા પછી તે પોલીસી મળતી નથી. વળી આ પોલીસીનું પ્રીમીયમ આવકવેરાની કલમ ૮૦-ડી હેઠળ સંપૂર્ણ કરમુકત છે. જો તમારી આ પોલીસી કવરમાં ૧ થી ૨૦ વર્ષ સુધીના બાળકોનો સમાવેશ કરવો હોય તો એક બાળક માટે ₹ ૧૧૧ અને બીજાનું ₹ ૧૨૧ વધારાનું પ્રીમીયમ ભરીને તેમાં પ્રત્યેક માટે ₹ ૫૦,૦૦૦નો મેડિકલેમ લઇ શકાય છે. આ સંદર્ભની તમામ વધુ જાણકારી મેળવવા ઈન્ડિયન કેન્સર સોસાયટી કોન નં. ૦૨૨-૨૪૧૨૫૨૩૮ અને ૦૨૨-૨૪૧૬૧૮૭૫ પર સંપર્ક કરી શકાય છે.

## હેપી બર્થ ડે........



હર્ષિલ શરદકુમાર
પંચોલી-વડોદરા
તા. ૩.૧૦.૧૧



ચિ. સિદ્ધિ વિપુલકુમાર
પંચોલી-સુરત
૧૧.૧૦.૨૦૦૮



રિદ્ધિ અલ્કેશકુમાર
પંચોલી-સંખેડા
તા. ૨૮.૧૦.૦૮

નવયુગ શુભચિંતક સ્વ. વ્રજલાલ ખુશાલદાસ ગાંધી નવાપુર શ્રી મધુસુદનભાઈ ચંદુલાલ પંચોલી વડોદરા

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ, નવસારી**

**દ્વારા આયોજીત**

# ક્રિકેટ ટુર્નામેન્ટ

**તારીખ : ૨૫.૧૨.૨૦૧૧-રવિવાર**

શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ અને શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૨૫.૧૨.૧૧ને રવિવારના રોજ એગ્રીકલ્ચર યુનીર્વસીટી સ્પોટર્સ ગ્રાઉન્ડ, એરૂ ચાર રસ્તા મુકામે યોજવામાં આવી છે. જેમાં નીચે મુજબની ૮ (આઠ) ટીમો ભાગ લઇ શકશે.

(૧) નવસારી (૨) સુરત (૩) અંકલેશ્વર (૪) વડોદરા (૫) વ્યારા (૬) રાજપીપલા (૭) મુંબઇ (૮) પાલ-વિભાગ

ક્રિકેટ ટીમે સવારે ૭.૩૦ કલાકે હાજર રહેવું. ૮ વાગ્યે ડ્રો કરવામાં આવશે. ૮.૩૦ કલાકે મેચ શરૂ કરવામાં આવશે. દરેક એકમની ટીમ માટે ૧૫ ખેલાડીઓનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. દરેક એકમની ટીમ માટેના ખેલાડીઓની રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી નથી. ટીમના ખેલાડીઓનું લીસ્ટ તા. ૩૦.૧૧.૨૦૧૧ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

જે તે એકમની વ્યકિત મેચ જોવા આવનાર હોય તેની રજીસ્ટ્રેશન ફી ₹ ૭૦/- રાખવામાં આવી છે, અને તેઓનું લીસ્ટ જે તે એકમના પ્રમુખ-મંત્રી દ્વારા મોકલવાનું રહેશે. (સગવડતા ખાતર) મેચ જોવા આવનાર વ્યકિતઓના રજીસ્ટ્રેશનની આખરી તારીખ તા. ૩૦.૧૧.૨૦૧૧ રાખવામાં આવી છે. ત્યાર પછી રજીસ્ટ્રેશન લેવામાં આવશે નહીં.

ટુર્નામેન્ટમાં સંજોગો અનુસાર ફેરફાર કરવાનો અધિકાર નવસારી એકમનો રહેશે. જેની નોંધ લેવી.

આપના યોગ્ય સૂચનો આવકાર્ય છે.....

શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજ્જર - પ્રમુખ
શ્રી ભરતભાઇ સી. પંચોલી - મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**સ્થળ : એગ્રીકલ્ચર યુનીવર્સીટી સ્પોટર્સ ગ્રાઉન્ડ, એરૂ ચાર રસ્તા, નવસારી**

**ટુર્નામેન્ટના નિયમો :**

- સ્પધાની રાઉન્ડ મેચ ૮ ઓવરની રહેશે.
- ફિલ્ડ રીસ્ટ્રીકશન સરકલ ૩ ઓવરનું રહેશે.
- નો બોલ પર ફ્રી હીટ મળશે નહીં. ૧ એકસ્ટ્રા રન
  કોઇપણ બોલર ૨ ઓવરથી વધારે નાંખી શકશે નહી. સેમી ફાઇનલ તથા ફાઇનલમાં ગમે તે બે બોલર ત્રણ ત્રણ ઓવરો નાંખી શકશે. (સેમી ફાઇનલ તથા ફાઇનલ ૧૦ ઓવરોની રમાડી શકે તેવા સંજોગોમાં)
- સેમી ફાઇનલ-ફાઇનલ ૧૦ ઓવરોની રમાડાશે. તે સંજોગોમાં ફિલ્ડ રીસ્ટ્રીકશન ૪ ઓવરોનું સર્કલમાં રહેશે.
- ક્રિકેટના બધા નિયમો લાગુ પડશે.
- અંપાયરનો નિર્ણય આખરી રહેશે.
  ટાઇમના અભાવે સંજાગો અનુસાર ચુર્નામેન્ટમાં ફેરફાર કરવાના હકક નવસારી એકમનો રહેશે. ટુર્નામેન્ટમાં ફેરફાર ન કરવો પડે તે માટે બધી જ ટીમોએ રાઉન્ડ મેચનો એક દાવ ફકત ૩૦ મિનિટમાં પૂરો કરવા બધી ટીમોને નમ્ર વિનંતી છે.
- રાઉન્ડ મેચ ડ્રો દ્વારા કરવામાં આવશે.(૮ ઓવર)
- રાઉન્ડ મેચની સેમી ફાઇનલ(૧૦ ઓવર) સંજોગો અનુસાર
- સેમી ફાઇનલ વિજેતાઓ વચ્ચે(૧૦ ઓવર)
- રાઉન્ડ મેચમાં કોણ કોની સામે રમશે તે ડ્રો દ્વારા નકકી કરવામાં આવશે.
- વિજેતા
- રનર્સ અપ

દિપકકુમાર નટવરલાલ મિસ્ત્રી-પ્રમુખ (૯૮૨૫૯ ૮૦૮૪૦)
આનંદ જ્યંતિલાલ પંચોલી-મંત્રી (૯૧૭૩૬ ૨૩૦૨૧)
સમીર જ્યંતિલાલ પંચોલી-ટૂર્નામેન્ટ કન્વીનર
ફોન : ૨૫૫૦૦૨(ઓ) મો. ૯૯૯૮૩ ૦૩૬૩૮
શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

**: રજીસ્ટ્રેશન-પત્રવ્યહાર :**

સમીર જ્યંતિલાલ પંચોલી-ટૂર્નામેન્ટ કન્વીનર
'માતૃછાયા' અનાવીલની વાડીની બાજુમાં, જોષી મહોલ્લો, નવસારી ૩૯૬ ૪૪૫

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત શ્રી પંચોલી સમાજ, વડોદરાની સંલગ્ન સંસ્થા
શ્રી પંચોલી મહિલા મંડળ, વડોદરા આયોજીત
સૌજન્ય : 'સમાજરત્ન' સ્વ. ડાહ્યાભાઇ દુર્લભભાઇ મિસ્ત્રી, ગં.સ્વ. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-મુંબઇ
અને શ્રીમતિ પુષ્પાબેન બાલકૃષ્ણ જરીવાલા-સુરત

# મહિલા સંમેલન - 'સમન્વય'

બહેનો....

સપ્ટેમ્બર માસના નવયુગમાં આવેલ અમારા કાર્યક્રમોનો પરિપત્ર સૌએ વાંચ્યો જ હશે. દરેક મહિલા મંડળને પણ અલગથી પરિપત્ર પોષ્ટ કરવામાં આવ્યા છે. એટલે સૌને મળી જ ગયા હશે.

આ સંમેલન ફકત મહિલા મંડળની સભ્ય બહેનો માટે નહીં પણ સમાજની અબાલવૃદ્ધ કોઇપણ મહિલાઓ પણ ભાગ લઇ શકશે. એની બધી બહેનોએ નોંધ લેવી.

પરિપત્ર મળતા ઘણા સ્થળેથી પૃચ્છા થઇ છે કે તારીખમાં ભૂલ નથી થઇ ને ? બહેનો સ્થળના અભાવે અમારે શનિવાર પસંદ કરવો પડયો છે. તમને સૌને તકલીફ પડશે પરંતુ કોઇ સામાજીક પ્રસંગે આપણે ચાલુ દિવસે જઇએ જ છીએ. તો આતો આપણાં સૌનો સહિયારો પ્રસંગ છે. એટલે તકલીફ ભુલી ભાગ લેવો જ રહ્યો. આશા રાખીએ છીએ દરેક જણ આપેલ સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન કરાવી અમારા ઉત્સાહમાં વધારો કરશો. ભાગ લેનાર બહેનોના નામો પણ સાથે જરૂરથી મોકલશો.

બધા એકમો પાસે સૂચનો મંગાવ્યા હતા, પણ જે મળ્યા છે તે ઘણાં મોડા મળ્યા છે. છતાં થોડી અપેક્ષાઓ સંતોષાય માટે બાળકો માટે હરિફાઇ રાખીએ છીએ. જેની નોંધ લેશો.

(૧) રંગબેરંગી દુનિયા : બાળકો માટે ચિત્ર હરીફાઇ વય મર્યાદા ૭ થી ૧૦ વર્ષ. સમયમર્યાદા : ૬૦ મિનિટ

વિષય : (૧) મારું કુટુંબ, મારો પ્રિય તહેવાર, હું અને મારું રમકડું, ઉદ્યાન(બાગ)

૧૧ થી ૧૫ વર્ષ. સમયમર્યાદા : ૬૦ મિનિટ વિષય : સર્કસ, મારું પ્રિય સ્વપ્ન, પર્યાવરણ, આનંદમેળો

મને ઓળખો : બાળકો માટે વેષભૂષા હરીફાઇ
વય મર્યાદા ૭ થી ૧૦ વર્ષ

બાળકો અને બહેનો હવે તો ખુશ છો ને ? પાંચ વર્ષથી ઉપરના બાળકોનું રજીસ્ટ્રેશન જરૂરી રહેશે. પરદેશમાં વસતા બહેનોને ખાસ જણાવવાનું કે નવેમ્બર ડિસેમ્બરમાં ઘણાં ભાઇ-બહેનો ભારતની મુલાકાતે આવતા હોય છે. તો આ સંમેલનમાં જરૂરથી ભાગ લઇ અમારા પ્રયાસને વધાવશો. અમે તો આશા રાખીએ છીએ કે તમારા તરફથી એકાદ, બે સુંદર કૃતિઓ રજુ થાય અને સૌના મન મોહી લેતો આપના તરફથી એ સુંદર યોગદાન ગણાશે. તો જરૂર જરૂરથી તમારો લાભ અમને આપશો એ આશા અસ્થાને ન ગણાય. વતનનું ઋણ ચુકવવાનો આ અમૂલ્ય અવસર છે.

| | | |
|---|---|---|
| શ્રી ગિરીશચંદ્ર આઇ. ગજ્જર - પ્રમુખ | શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી - પ્રમુખ | પુષ્પાબેન બી. મપારા - કન્વીનર |
| શ્રી ભરતભાઇ સી. પંચોલી - મહામંત્રી | શ્રી દેવાંગભાઇ પી. પંચોલી - મંત્રી | ઉષાબેન પી. પંચોલી - મંત્રી |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ | શ્રી પંચોલી સેવા સમાજ વડોદરા | શ્રી પંચોલી મહિલા સમાજ, વડોદરા |

**ચાલો........... ચાલો............ ચાલો.............**

## મહિલા સંમેલન - 'સમન્વય' માં......

**તા. ૧૭.૧૨.૨૦૧૧, શનિવાર. સ્થળ : સંખેડા દશા લાડ ભવન, વાઘોડિયા રોડ, વડોદરા.**

નવયુગ શુભચિંતક શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા શ્રી સાકરલાલ ઇશ્વરલાલ પંચોલી વડોદરા

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ વડોદરા

શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ વડોદરાની કારોબારી સભા શ્રી મધુસુદનભાઇ સી પંચોલીની અધ્યક્ષતામાં તેમના નિવાસસ્થાને તા. ૧૩.૯.૧૧ની સાંજે મળી. પવિત્ર શ્રાદ્ધપક્ષમાં મંડળના ચાર સ્વર્ગવાસી સભ્યોને શ્રદ્ધાંજલી આપવામાં આવી. સભામાં નીચે મુજબના આયોજનો થયાં.

વરિષ્ઠ નાગરિક મંડળ તથા મહિલા સમાજના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર અક્ષરધામ, મહુડી, અમરનાથ, વૈષ્ણોદેવી, બાલાજીના એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. તા. ૮. ઓક્ટોબર ૧૧ના આ પ્રવાસના કન્વીનર શ્રી મધુભાઇ અને પુષ્પાબેન મપારા છે.

વરિષ્ઠ નાગરિક મંડળનો વાર્ષિક મિલન સમારંભ તા. ૧૯ નવેમ્બર'૧૧ના રોજ વ્યાસેશ્વર મહાદેવ-દેણા મુકામે યોજાશે. જેનો વિગતવાર કાર્યક્રમ હવે પછી સભ્યોને જણાવવામાં આવશે.

મંડળના સભ્યોનો માસવાર જન્મોત્સવ સમૂહમાં સમાજના કેટલાક સભ્યોના સૌજન્યથી જાન્યુઆરી'૧૨થી ઉજવવામાં આવશે. આ ઉત્સવમાં જેમનાં જે માસમાં જન્મદિન આવતા હશે તેમને સજોડે આમંત્રણ રહેશે. કારોબારીની ઉપસ્થિતિમાં યજમાનને ત્યાં ઉજવણી યાદગાર બનશે અને સામાજિક ભાવનાત્મક સબંધો વધુ સુદૃઢ કરશે. જગ્યાના અભાવ અને અપૂરતાં નાણાં ભંડોળની સમસ્યાનો ઉકેલ લાવતી આ યોજનામાં એક નૂતન અનુકરણિય અભિગમ છે..

શ્રીમતિ ઈન્દુબેને શકુન્તલાબેન અને મધુસુદનભાઇના પરિવારનો સભા માટે સુંદર વ્યવસ્થા તેમજ સંસ્વાદુ ભોજન માટે આભાર વ્યકત કર્યો. આજના દિવસે નીચે મુજબનું દાન મળ્યું.

₹ ૧૨૫/- શ્રીમતિ મધુબેન અને શ્રી રમેશભાઇ એન. પંચોલી તરફથી લગ્નજીવનની સુવર્ણ જયંતિ નિમિત્તે.

₹ ૨૫૦/- શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી તરફથી નિવૃત્તિ નિમિત્તે.

જન્મ દિન નિમિત્તે

₹ ૧૦૧/- શ્રીમતિ નિરંજનાબેન પી. પંચોલી

₹ ૧૦૦/- પ્રેમીલાબેન એન. પંચોલી

₹ ૧૦૦/- રમેશભાઇ એન. પંચોલી

₹ ૨૫૧/- મહેન્દ્રભાઇ પી. પંચોલી

₹ ૧૦૧/- પદ્માકાંતભાઇ એમ. પંચોલી

₹ ૧૦૧/- જીતેન્દ્રભાઇ જે. પંચોલી

₹ ૧૦૧/- ભીખાભાઇ સી. પંચોલી

₹ ૧૦૦/- ડૉ. સૂર્યકાંતભાઇ એમ. પંચોલી

## શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા ગણેશોત્સવ-૨૦૧૧



શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા દ્વારા વિઘ્નહર્તા ભગવાનશ્રી ગણેશજીનો ઉત્સવ અનોખી રીતે ઉજવવામાં આવ્યો હતો. સમાજ દ્વારા પી.ઓ.પી.ની ગણેશજીની મૂર્તિ ના વિસર્જનથી પ્રદુષણ અને પાણીજન્ય જીવોને નુકશાન થાય છે તથા નદી પુરાતી જાય છે. આથી

પી.ઓ.પી.ની મૂર્તિને તિલાંજલી આપી નવતર પ્રયોગ તરીકે પીત્તળની ૬૨ કિલોની મૂર્તિ સ્પોન્સરશીપ મેળવી ૪૦,૦૦૦/-ના ખર્ચે મુંબઇ ખાતે તૈયાર કરાવી તેની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મૂર્તિના દાતાઓ નીચે મુજબ છે.

| | |
|---|---|
| શ્રી અશોકભાઇ હસમુખભાઇ મિસ્ત્રી-યુ.કે. | ૬,૨૫૦/- |
| શ્રી ભદ્રેશભાઇ હસમુખભાઇ મિસ્ત્રી-વ્યારા | ૬,૨૫૦/- |
| શ્રીમતિ ભારતીબેન અરૂણકુમાર મિસ્ત્રી-યુ.કે. | ૬,૨૫૦/- |
| શ્રી નયનકુમાર ધીરજલાલ પંચોલી-વ્યારા | ૬,૨૫૦/- |
| શ્રી નરેન્દ્રભાઇ એ. પંચોલી-લેસ્ટર | ૨,૫૦૦/- |
| શ્રી મહેશભાઇ વી. પંચોલી-વ્યારા | ૨,૫૦૦/- |
| શ્રી નવિનભાઇ સી. પંચોલી-વ્યારા | ૨,૫૦૦/- |

ગણેશ ઉત્સવ બાદ ગણેશજીની પીત્તળની મૂર્તિ કાયમી ધોરણે સમાજની વાડીમાં ભોજનહોલમાં સ્થાપિત કરવામાં આવેલ છે. દર વર્ષે ગણેશ ઉત્સવ દરમ્યાન આ મૂર્તિની સ્થાપના કરવામાં આવશે

પૂજાની મંગલમૂતિ માટીની લઇ સ્થાપના કરવામાં આવી હતી અને તેનું વિસર્જન ધામધૂમથી કરવામાં આવ્યું હતું. ગણેશજીની સ્થાપના શ્રી મુકેશભાઇ પી. મિસ્ત્રીના નિવાસ સ્થાને કરવામાં આવી હતી. ગણેશ ઉત્સવ દરમિયાન સમાજના જ્ઞાતિજનો દ્વારા સંપૂર્ણ ધાર્મિક અને ભકિતમય વાતાવરણમાં ભજનો, શ્રી સત્યનારાયણની મહાપૂજા, ગરબા, અન્નકૂટના દર્શન તથા મહાઆરતી જેવા અનેક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જેમાં જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકો માટે સંગીત ખુરશી, અંતાક્ષરી જેવી રમતો પણ રાખવામાં આવી હતી. દરરોજ રાત્રે તેમજ વિસર્જનના દિવસે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજર રહી કાર્યક્રમને સાથ-સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી મનીષભાઇ પંચોલી, હર્ષદભાઇ મિસ્ત્રી, રાજેશભાઇ પંચોલી, નીતીનભાઇ, સુમનભાઇ, ભરતભાઇ, ભદ્રેશભાઇ, નવિનભાઇ સી., તેજસ પંચોલી જેવા તથા અનેક નામી અનામી ભાઇ બહેનોએ સેવા આપી હતી.

## બીલીમોરાનું ગૌરવ



તા. ૧૯ જુલાઇ ૨૦૧૧ના રોજ ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજાતી 'પંડિત ઓમકારનાથ ઠાકુર સ્પર્ધા'ના 'અ' વિભાગમાં તાલવાદ્ય સ્પર્ધામાં બીલીમોરાના ધૈવતકુમાર દિવ્યેશકુમાર મહેતાએ ભાગ લઇ સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ વિજેતા(સંયુકત) બની પરિવાર, બીલીમોરા તથા મીઠીબાઇ કોલેજ મુંબઇનું ગૌરવ વધાર્યુ છે.

એમના ગુરૂ  એવા કાકાશ્રી હર્ષેશકુમાર તથા મુંબઇ સ્થિત વર્તમાન ગુરૂ અનિષ પ્રધાન-ખાર માટે ગૌરવપ્રદ હકિકત બની છે.

મેળવેલ સિદ્ધિ બદલ ગુરૂવર્ય શ્રી અનિષ પ્રધાન તથા સુપ્રસિદ્ધ ગાયિકા વિદુષી શોભાજી મુદ્‌ગલ તથા સમગ્ર પરિવારજનો એ અભિનંદન પાઠવ્યા છે.

પરિવાર ગામ અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.... સંગીત ક્ષેત્રે ઝળહળી પંચોલી જ્ઞાતિ સમાજનું પણ ગૌરવ વધાર્યુ છે.... એમની પ્રગતિને આકાશ પણ નાનુ પડે... એવી શુભેચ્છા......

## ઉનાઇનું ગૌરવ

બુહારીના અને હાલ સુરત સ્થિત શ્રી અનિલભાઇ બાલુભાઇ પંચોલી તથા શ્રીમતિ અલકાબેન મુંબઇથી પ્રકાશિત થયુ સામાયિક 'અભિયાન'ની યોજાયેલ વિદેશ પ્રવાસ સ્પર્ધામાં ભાગ લઇ વિજેતા થતા સંત શીરોમણી પૂ. મોરારીબાપુના વરદ હસ્તે ડ્રોમાં એમનું નામ નીકળતા ૧૦ દિવસ માટે સીંગાપોર, મલેશિયા અને થાઇલેન્ડની રાજ ટ્રાવેલ્સની ટુરમાં જઇ પરત ફર્યા અને ઉનાઇ પંચનું ગૌરવ વધાર્ય છે...અભિનંદન....

# મહિલા જગત

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨૭.૮.૨૦૧૧ના રોજ અનુરાધાબેનના નિવાસ સ્થાને મહિલા મંડળની મિટીંગ યોજવામાં આવી. મિટીંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. કેતકીબેને વન મિનિટ ગેમ રમાડી. જેમાં ૫૦ વર્ષથી ઉપરનામાં શાંતાબેન અને ૫૦ વર્ષથી નીચેનામાં નીતાબેન વિજેતા થયા.

નીતાબેને વડોદરાથી આવેલ મહિલા સંમેલનનો પત્ર વાંચી સંભળાવ્યો. તથા સંમેલનમાં ભાગ લેવા માટે તથા જવા માટે ચર્ચા કરવામાં આવી. જેમણે બરોડા જવું હોય તેના નામો નીતાબેનને નોંધવાનું નકકી કરવામાં આવ્યું. આ માસમાં આવતી બર્થડેમાં ભાવનાબેન, અમિતાબેન તથા પૂ. મધુબાને પુષ્પગુચ્છ આપી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. પૂ. મધુબા તરફથી બર્થ ડે નિમિત્તે રૂા. ૧૦૧ ભેટ મળ્યા. તા. ૧૦.૯.૨૦૧૧ના રોજ પ્રીતવંતીબેનને ત્યાં મળવાનું નકકી કર્યુ. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છૂટા પડયા.

તા. ૧૦.૯.૨૦૧૧ના રોજ જી.આઇ.ડી.સી. મુકામે પ્રીતવંતીબેનને ત્યાં યોજવામાં આવી. મિટીંગની શુભ શરૂઆત સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવી. જેના વિજેતા નીતાબેન રાજેશભાઇ થયા. વડોદરા મહિલા સંમેલનમાં જવા માટેનું આયોજન વિચારાયું તેમજ નામો નોંધવામાં આવ્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી તા. ૫.૧૧.૧૧ના રોજ મીરાબેનને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત

શ્રી પંચોલી મહિલા મંડળ સુરતની સપ્ટેમ્બર માસની મિટીંગ તા. ૧૮.૯.૧૧ના રોજ પંચોલી પંચની વાડી ગોપીપુરા ખાતે બપોરે ૪.૦૦ કલાકે રાખવામાં આવી હતી.

મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખ હેમલતાબેને વડોદરા મુકામે યોજનાર મહિલા સંમેલન 'સમન્વય' અંગે ચર્ચા કરવામાં આવી હતી. નવરાત્રી પોગ્રામની રૂપરેખા આપવામાં આવી હતી.

મંડળની બહેનોની બર્થ ડે નિમિત્તે ફુલ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. હેમલતાબેન તરફથી બર્થ ડે નિમિત્તે ગરમાગરમ ઇંદડા અને ચટણીનો નાસ્તો અને કાશ્મીરાબેને પેપ્સી પીવડાવી હતી. તથા બીજી બહેનોએ નીચે મુજબની ભેટ આપી હતી. રશ્મીબેન અનીલભાઇ પંચોલી ₹ ૫૧/-, નીશાબેન રાજેશભાઇ મિસ્ત્રી ₹ ૫૧/-, મયુરીબેન હિતેશભાઇ પંચોલી ₹ ૫૧/-, મંજુલાબેન પ્રવિણભાઇ આરીવાલા ₹ ૫૧/-

દાતાઓનો આભાર માની નવરાત્રી પોગ્રામમાં ફરી મળવાનું નકકી કરી છુટા પડયા..

## શ્રી પંચોલી મહિલા મંડળ-વ્યારા

શ્રી પચોલી મહિલા મંડળ વ્યારાની સપ્ટેમ્બર માસની મિટીંગ જ્ઞાતિની વાડીમાં તા. ૧૮.૯.૧૧ના રોજ રાખવામાં આવી હતી. પ્રમુખ શ્રીમતિ કુસુમબેને સૌ બહેનોને આવકાર્યા. મિત્તલબેન જતીનભાઇએ સુંદર પ્રાર્થના રજુ કરી. કુસુમબેને વ્યારા પંચોલી સમાજ દ્વારા આયોજીત ગણેશોત્સવની ઝાંખી કરાવતા જણાવ્યું કે આવા ઉત્સવો દ્વારા સમાજમાં ધર્મભાવના સાથે એકતા અને સંગઠન ની ભાવના વધે છે આથી આવા ઉત્સવો દરેક ભાઇ-બહેનો ભેગા મળીને ઉજવવા જોઇએ. શ્રાદ્ધપક્ષ હોય પિતૃશ્રાદ્ધ દ્વારા આપણા પૂર્વજોને શ્રદ્ધાંજલી અર્પી તેમનું ઋણ ચુકવવાનો અમૂલ્ય અવસર છે. એનાથી આવનારી પેઢીમાં પણ પૂર્વજો પ્રત્યેની લાગણી અને સંસ્કારો

આવે છે અને પિતૃઓના જુના સંસ્મરણો દ્વારા તેમને જીવંત રાખી શકાય છે...

કસુમબેને બરોડાથી આવેલ મહિલા સંમેલન ‘સમન્વય’નો લેટર વાંચી સંભળાવ્યો. અને દરેક સ્પર્ધા માટે ટુંકમાં ચર્ચા કરી. જે બહેન બરોડા જનાર હોય તેમને પોતાને અનુકુળ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. આવતા માસની મિટીંગ તા. ૨.૧૦.૧૧ના રોજ હોય માટે જે બહેનો બરોડા જનાર હોય તેમણે ₹ ૭૦ રજીસ્ટ્રેશન ફી તથા ₹ ૨૩૦ ટ્રાવેલીંગ ખર્ચ મળી કુલ ₹ ૩૦૦ જમા કરાવી નામ નોંધાવવા. નવરાત્રી આવતી હોય આવતા માસની મિટીંગમાં ફુલોની રંગોળી સ્પર્ધા રાખવાનું નક્કી કરવામાં આવ્યું. બેલાબેને આ માસમાં આવતી બર્થડે તથા એનીવર્સરી માટે શુભેચ્છાઓ પાઠવી. ઉર્મિલાબેન ભટ્ટ તરફથી ભજન સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોને આશ્વાસન ઇનામ તરીકે બોલપેન ભેટ આપી. પારૂલબેને ગત મિટીંગનું વાંચન કર્યુ.

૫૦/- કાંતાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તરફથી બર્થડે નિમિત્તે મળ્યા. ગીતાબેન ગાંધીએ લખવાની સમૂહ ગેમ રમાડી જેના વિજેતા આગામી મિટીંગમાં જાહેર કરાશે. વિદેશ પ્રવાસેથી પરત આવ્યા હોય તેમના વિદેશ પ્રવાસના સંસ્મરણો વાગોળ્યા. અંતમાં દાબેલીનો નાસ્તો કરી છુટા પડયા.

### શ્રી પંચોલી સમાજ, રાજપીપલા

રૂા. ૧૫૧/- રાજપીપલા નિવાસી શ્રીમતિ ગીતાબેન તથા શ્રી પ્રકાશભાઇ મુળજીભાઇ પંચોલી(એડવોકેટ) તરફથી પુત્ર ચિ. ભાવેશના શુભલગ્ન નિમિત્તે ભેટ મળ્યા... શ્રી પંચોલી સેવા મંડળ દાતાનો આભાર માને છે.

## પ્રિયે તારા વિના....

માન્યુ તુ,
કેમ વિતશે દિવસો તારા વિના ?
જીવાશે કેમ જિંદગી તારા વિના ?
જીંદગી થઇ ગઇ ખારી તારા વિના ?
ફૂલો ભાલા થઇ ભોંકાય તારા વિના ?
વરસાદના ફોરા દઝાડે તારા વિના ?
માન્યુ તુ,
કેમ વિતશે દિવસો તારા વિના ?
અને છતાંયે,
જીવવું પડે છે સંસારે તારા વિના.
હસવુ પડે છે જગમાં તારા વિના.
અશ્રુ છુપાવવા પડે છે તારા વિના.
રાતો વિતાવવી પડે છે તારા વિના.
માન્યુ તુ,
કેમ જીવાશે જીંદગી તારા વિના ?
‘અક્ષય’ના નયનો શોધે તુજને તારા વિના....

શોભા કિશોર મિસ્ત્રી...‘અક્ષય’ બીલીમોરા

## પંચોલી નવયુગ ઈન્ટરનેટ પર

જ્ઞાતિજનોની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઇ તથા સામાન્ય સભામાં નક્કી થયા મુજબ હવેથી આપણું લાડીલુ ‘પંચોલી નવયુગ’ દર માસે નિહાળો વેબસાઇટ પર

**www.pancholisamaj.org**
**Special Log**
**pancholi navyug**

RNI NO. 6304 / 62

અંક : ૧૦ વર્ષ : ૫૦ ઓકટોબર : ૨૦૧૧ સળંગ અંક : ૩૭૯

## ટીપે ટીપે સરોવર ભરાય

**નવયુગ ભેટ**

₹ ૧૦૧/- વ્યારા નિવાસી રામુભાઇ નાથુભાઇ પંચોલી તરફથી ૮૧ વર્ષ પૂર્ણ કર્યા તે નિમિત્તે.

₹ ૫૧/- વડોદરા નિવાસી શરદકુમાર બળદેવભાઇ પંચોલી તરફથી પુત્ર હર્ષિલની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

₹ ૧૦૧/- વડોદરા નિવાસી શરદકુમાર બળદેવભાઇ પંચોલી તરફથી પિતાશ્રી બળદેવભાઇ જેઠાલાલ પંચોલીની દશમી પૂણ્યતિથિ નિમિત્તે.

₹ ૫૧/- સુરત નિવાસી કુમારભાઇ એ. મિસ્ત્રી તરફથી નવયુગ પોષ્ટીંગ માટે મળ્યા.

₹ ૫૦૦/- નવસારી નિવાસી ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી તરફથી નવયુગ પોષ્ટીંગ માટે મળ્યા.

₹ ૫૦/- સુરત(વ્યારા)ના શ્રી વિનોદભાઇ પી. પંચોલી તરફથી નવયુગ પોષ્ટીંગ માટે મળ્યા.

₹ ૧,૦૦૦/- નવસારી નિવાસી શ્રી ચુનીલાલ નરોત્તમદાસ મિસ્ત્રી તરફથી ધર્મપત્ની સ્વ. તારાબેનની સાતમી પૂણ્યતિથિ નિમિત્તે નવયુગ પોષ્ટીંગ ખર્ચ માટે..

## દેવના દિધેલ



સુરત નિવાસી હિરેનભાઇ કૌશિકભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન ‘ચિ. શ્વેત ’ નો જન્મ તા. ૧૬. ૮. ૨૦૧૧ના રોજ થયો.

માતા : કિરનબેન

## એકવાર જાવુ હરીના ધામમાં

મુંબઇના અંધેરીના શાંતિલાલ ઠાકોરદાસ પંચોલી તા. ૨૫.૯.૧૧ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૨



બુહારી નિવાસી પિતાંબરદાસ (ભીખુભાઇ) જમનાદાસ પંચોલી તા. ૨૪.૮.૨૦૧૧ના રોજ દેવલોક પામ્યા.

**Book Post**
**Printed Book**
**પ્રિન્ટેડ બુક**

**From :**
**Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch. **Ph. :** 02646 - 252852
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Ph. : (02646) (R) 291852(O) 252852,**
**Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**